

ગાંધીનગર મનપામાં કોંગ્રેસ પક્ષને બેસવા માટે જગ્યાની ફાળવણી કરવામાં આવતાં દીકરી શ્રેયાએ મંગલ દીપ પ્રગટાવી કોંગ્રેસના કાઉન્સીલરોને કાર્યાલયમાં પ્રવેશ કરાવ્યો હતો.

# પ્રધાનો ચૂંટણી પ્રચારમાં : સચિવાલય સુમસામ

## ત્રણ દિવસ પછી પ્રચાર પડઘમ શાંત થઈ જશે : મુખ્યમંત્રી તેમના નિવાસસ્થાનેથી સ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે

અમદાવાદ, તા.૨૮

ગુજરાતની ભાજપ સરકારના મોટાભાગના પ્રધાનો હાલમાં પેટાચૂંટણીના પ્રચાર કાર્યમાં વ્યસ્ત હોવાથી ગાંધીનગર સચિવાલય સુમસામ બની ગયુ છે. ખાસ કરીને સોમવાર અને મંગળવારે ધારાસભ્યો અને નાગરિકોથી ધમધમતા સચિવાલયમાં આજે કાગડા ઉડી રહ્યા હતા. પ્રધાનો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોવાથી બુધવારે મળતી કેબિનેટની બેઠક પણ મોકુફ રાખવામાં આવી છે. મુખ્યમંત્રીના નિવાસસ્થાનેથી તેમજ ભાજપના મધ્યસ્થ કાર્યાલયથી ભાજપની ચૂંટણી પ્રચાર વ્યવસ્થાનો બારીકાઈથી નિરિક્ષણ થઈ રહ્યુ છે અને પ્રધાનો, ધારાસભ્યો અને પ્રદેશ હોદ્દેદારો સાથે સતત સંપર્કમાં રહેતું મુખ્યમંત્રીનું નિવાસસ્થાન અત્યારે રાજકીય ગતિવિધિઓ માટે ધમધમતું રહ્યુ હોવાની પણ વિગતો પ્રાપ્ત થઈ છે. ગુજરાતમાં લોકસભાની બે બેઠકો પોરબંદર અને બનાસકાંઠા તેમજ વિધાનસભાની ચાર બેઠકો મોરવાડહફ, લિમડી, જેતપુર અને ધોરાજીની બીજી જુનના દિવસે યોજાનાર પેટાચૂંટણીના આડે હવે ગણતરીના માત્ર પાંચ જ દિવસ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ પક્ષોએ છેલ્લી ઘડીની તમામ તાકાતો કામે લગાડી દીધી છે. પ્રધાનોની ગેરહાજરીથી એક તરફ સચિવાલયમાં શાંતિ પથરાયેલી છે ત્યારે બીજી તરફ રાજકીય ચહેલપહેલથી ધબકતા બંને મુખ્યપક્ષોના અમદાવાદ સ્થિત મધ્યસ્થ કાર્યાલયોમાં સતત રણકતા ટેલિફોન વચ્ચે નેતાઓ અને કાર્યકરો વચ્ચેની અવરજવર પણ ઘટી ગઈ છે. આ પેટા ચૂંટણીમાં મોરવાહડપ બેઠક તથા લોકસભાની બનાસકાંઠા બેઠક સિવાય અન્ય ચાર બેઠકો સૌરાષ્ટ્ર ક્ષેત્રની હોવાથી સૌરાષ્ટ્રમાં ચૂંટણી માહોલ જામ્યો છે. કાળઝાળ ગરમી વચ્ચે પરસેવો પાડતા પ્રધાનો, ધારાસભ્યો તથા નેતાઓને મતદારો હજુ સુધી તેમના મન જાણવા દેતા નથી. મોદી સામાન્યરીતે પેટા ચૂંટણીના પ્રચારમાં પોતે ઉતરતા નથી પરંતુ તેઓ મુખ્યમંત્રી નિવાસથી સ્થિતિનું નિરિક્ષણ કરતા હોય છે. આ વખતે પેટા ચૂંટણીના પ્રચાર કાર્યમાં નહીં જવાની પરંપરા મોદી જારી રાખશે કે છેલ્લી ઘડીએ તેમને પણ જાહેર સભા સંબોધવા મેદાનમાં ઉતરવું પડશે તે અંગે અટકળો ચાલી રહી છે. આગામી ત્રણ દિવસ પછી પેટા ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત થઈ જશે. આ ત્રણ દિવસમાં ખાસ કરીને બને મુખ્ય રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોને જીતાડવા કેવા ખેલ પાડે છે તેના પર ચૂંટણી પંચ સહિતની તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

# શાળામાં પ્રવેશોત્સવ હવે સમાજોત્સવ બની રહેશે

## રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની યોજાયેલી બેઠકમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહનું શ્રેષ્ઠીઓને આહવાન

અમદાવાદ, તા.૨૮

શાળા પ્રવેશોત્શવ અભિયાનના પરિણામે રાજયમાં સાક્ષરતા દરમાં વૃધ્ધિ અને ડ્રોપ આઉટ રેશિયોમાં ધરખમ ઘટાડા જેવા સુધારાત્મક પરિણામોથી પ્રોત્સાહિત થઈને આગામી શાળા પ્રવેશોત્શવ સમાજોત્શવ બની રહે તે માટે શિક્ષણ વિભાગે પ્રયાસો હાથ ધર્યા છે.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં આજે અમદાનાદ ખાતે રાજયની શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક, ઓધોગિક સંસ્થા ઉપરાંત શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષક સંઘો, આચાર્ય સંઘો અને યુનિવર્સિટી ઓના કુલપતિ ઓની યોજાયોલી બેઠકમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ શાળા પ્રવેશોત્શવ - ૨૦૧૩માં સહભાગી બની તમામ સહયોગની ખાતરી આપી હતી. ભુપેન્દ્રસિંહ એ એવી શ્રધ્ધા વ્યકત કરી હતી કે સમાજની આ શકિત અને વહીવટીતંત્રના આયોજનના સમન્વયના પરિણામે આગામી શાળા પ્રવાશોત્શવ સમાજોત્શવ બની રહેશે. શાળા પ્રવેશોત્શવનું આયોજન રાજય સરકાર કરતી આવી છે જેમાં રાજયના મુખ્યમંત્રીથી લઈને મંત્રીમંડળના મંત્રીઓ, મુખ્ય સચિવથી લઈને જે તે વિભાગના અગ્ર સચિવ, સચિવો અન્ય ઉચ્ચ અધિકારીઓ, ધારા સભ્યો વગેરે આ અભિયાનમાં જોડાતા આવ્યા છે, પરંતુ તેમાં સમાજની શકિત પણ સહભાગી બને તેવા હેતુથી આગામી શાળા પ્રવેશોત્શવ કાર્યક્રમમાં સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સહભાગી બને તેવા હેતુથી તેઓને સમગ્ર અભિયાનથી માહિતગાર કરી સહભાગી બનાવવા પ્રેરિત કરવા આજે આ બેઠકનું આયોજન કરાયું હતું.

# ૨૧ જુલાઈ પહેલા પ્રવેશ પ્રક્રિયા પૂરી કરાશે

## પ્રવેશ સમિતી દ્વારા તાકીદ કરવામાં આવી : એન્જિનિયરિંગ કોલેજોની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર ૨૧ જૂનથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા માટેની તૈયારી શરૂ

અમદાવાદ, તા.૨૮

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના એન્જિનિયરીંગ અભ્યાસક્રમો માટે પ્રવેશ માટે પ્રવેશકાર્યવાહી અત્યારે ચાલી રહી છે. ત્યારે પ્રવેશ સમિતી દ્વારા એન્જિનિયરીંગ કોલેજોને પત્ર લખીને તેમની કોલેજના મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર ૨૧ જુનથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવા માટે સૂચના આપવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ટેકનિકલ અભ્યાસક્રમ પ્રવેશ સમિતી દ્વારા એન્જિનિયરીંગ કોલેજોને પત્ર લખીને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવા અંગે જરૂરી સૂચનો આપ્યા છે. જે મુજબ તમામ કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટાની બેટકો માટે ૨૧ જૂનથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને મોડામાં મોડા ૨૧ જુલાઈ પહેલા પ્રવેશ કાર્યવાહી પૂરી કરવાની રહેશે. પ્રવેશ કાર્યવાહી અંગેના સૂચનોની સાથે સાથે પ્રવેશ સમિતી દ્વારા મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશ માટેના નિયમો બનાવીને પણ એન્જિનીયરીંગ કોલેજોને મોકલી આપવામાં આવ્યા છે જે મુજબ કોલેજોએ વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા અને પરત સબમીટ કરવા માટે સાત દિવસનો સમય આપવાનો રહેશે. આ ઉપરાંત કોલેજો કોઈ પણ વિદ્યાર્થીને ફોર્મ આપવાથી કે પરત લેવાથી ઈન્કાર કરી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું તે પહેલા જ પ્રવેશ સમિતી દ્વારા પ્રવેશ નિયમો જાહેર કરવામાં આવ્યા હતા. જે મુજબ દરેક એન્જિનિયરીંગ કોલેજોને પાંચ ટકા બેઠકો મેનેજમેન્ટ ક્વોટાથી ભરવા માટે પ્રવેશ સમિતીએ મંજુરી આપી હતી. જો કે એન્જિનિયરંગ કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ભરતા સમયે પ્રવેશ સમિતીના સૂચનોનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.







પાલનપુર બ્રહ્મસમાજના પ્રતિષ્ઠિત પરિવારના વડીલ ચંપકભાઈ જોષીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે તેમના સુપુત્ર શૈલેષભાઈ અને અતુલભાઈ દ્વારા યોજાયેલ દિવ્ય જીવન ઉત્સવ સમારોહમાં પૂજ્ય ચૈતન્યશંભુ મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે સાંસદો સર્વશ્રી દિલીપભાઈ પંડ્યા અને નટુજી ઠાકોર તથા ધારાસભ્ય શ્રી મહેશભાઈ પટેલ અને અગ્રણીઓ સર્વશ્રી લેખરાજ બચાણી, હરિભાઈ ચૌધરી સહિત મોટીસંખ્યામાં બ્રહ્મસમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# કમાન્ડો અનાજુ ચૌધરીના જામીન પર આજે સુનાવણી

## સીબીઆઈ નિર્ધારિત ગાળામાં જરૂરી ચાર્જશીટ રજુ નહીં કરી શકતા હવે કેસમાં સામેલ ચૌધરીની જામીન અરજી

અમદાવાદ, તા.૨૮

દેશભરમાં ચકચાર જગાવનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા કમાન્ડો અનાજુ ચૌધરીએ સીબીઆઈ દ્વારા ૯૦ દિવસ પૂર્ણ થવા હોવા છતાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ ન કરાતા કાયમી જામીન અરજી દાખલ કરી છે. જેની આવતીકાલે સુનાવણી યોજાશે.

વર્ષ ૨૦૦૪માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા ચાર ત્રાસવાદી આવી રહ્યા હોવાની બાતમીનો આધાર લઈ ઈશરત જહાં સહિત ચાર શખ્સોની ઠંડા કલેજે હત્યા કરી હત્યાને એન્કાઉન્ટર કેસ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર શહેર ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓની સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ઈશરત જહાં કેસમાં સીબીઆઈએ કુલ છ ઉચ્ચ પોલીસ અધિકારીઓની ધરપકડ કરી હતી. જેમાં અનાજુ ચૌધરીનો પણ સમાવેશ થાય છે. ઈશરત એન્કાઉન્ટર વખતે કમાન્ડો અનાજુ ચૌધરીએ કુલ ૩૨ રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતુ અને એન્કાઉન્ટરમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તપાસ એજન્સી સીબીઆઈએ ૯૦ દિવસ પૂર્ણ હોવા છતાં કોર્ટમાં ચાર્જશીટ રજુ ન કરતા આ કેસમાં ધરપકડ કરાયેલા કમાન્ડો અનાજુ ચૌધરીએ કોર્ટમાં કાયમી જામીન અરજી દાખલ કરી છે. સીબીઆઈ દ્વારા કેસમાં ચાર્જશીટ રજુ ન કરાતા હાલ ચાર ઉચ્ચ પોલીસ અધિકારીઓ જીએલ સિંઘલ, તરૂણ બારોટ, ભરત પટેલ, જેજી પરમાર, જામીન મેળવવામા સફળ રહ્યા છે અને સૂત્રોની જાણકારી અનુસાર કમાન્ડો અનાજુ ચૌધરીને જામીન મળી જશે તેવી સંભાવના છે. વધુમાં ઈશરત કેસમાં તપાસ બાદ ચાર્જશીટ દાખલ કરવા બાબતે સીબીઆઈનું નરમ વલણ દેખાઈ રહ્યુ છે તેવી પણ ચર્ચા ચાલી રહી છે. હવે આવતીકાલે ઈશરત કેસમાં અનાજુ ચૌધરીની જામીન અરજી અંગે સુનાવણી થશે હવે કોર્ટ અનાજુ ચૌધરીને બેલ આપે છે કે જેલ એ જોવાનું રહ્યુ.

## શબ્દાવલી - ૫૦૭૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ૪ | ■ |
| ૫ | | ■ | ૬ | | ■ | ૭ | ૮ |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ■ | |
| ■ | ■ | ૧૧ | | | | ૧૨ | ■ |
| ૧૩ | | | ■ | ■ | ■ | ૧૪ | ૧૫ |
| | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | |
| ૧૯ | ૨૦ | | | ■ | | ■ | ■ |
| ૨૧ | | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. સમતળ, સમથળ (૩)
૩. નાનો ઘંટ, ટોકરી (૩)
૫. અંત, પુરૂં કરવું, ... મેલવો (૨)
૬. નાના કે મોટા ગોળ રીંગણ (૨)
૭. આનંદ, મોજ (૨)
૯. ટોન્ટ, મેણા (૨)
૧૦. ઢોરને અપાતું ઘાત (૨)
૧૧. સળવળવાનો અવાજ (૫)
૧૩. રવાની એક વાનગી (૩)
૧૪. મોભો, પ્રતિષ્ઠા (૨)
૧૬. નાડી, નસ (૨)
૧૮. માદ્રિ પુત્ર પાંડવ (૩)
૧૯. કાર્ય (૪)
૨૧. રીત, પ્રણાલી (૩)
૨૨. અદકુ, વિશિષ્ટ (૪)

### ઊભી ચાવી

૧. ઝપાટો (૩)
૨. નકોરડા ઉપવાસ પછી બીજે દિવસે જમવું તે (૩)
૩. ઘંટ વગાડવાનો અવાજ (૪)
૪. ઓછું પ્રકાશિત (૨)
૬. ભૂકંપ, ધરતીનું ખબલબવું (૩)
૮. ... બચી લાગો પાય, જીવ (૨)
૧૧. રીપેરીંગ (૫)
૧૨. ટીલું, નાની બિંદી (૩)
૧૩. પાડ, આભાર (૪)
૧૫. સૈન્ય, સેના (૨)
૧૭. હાથી, ઐરાવત (૨)
૧૮. નાણુ, રોકડા (૨)
૨૦. મોટું..., વિશાળ (૨)

### શબ્દાવલી ૫૦૭૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સલામતી (૪) સનદ (૭) લાગ (૮) રમતવીર (૧૦) હવન (૧૨) જાત (૧૩) ગવાહ (૧૪) કુંજો (૧૬) પડતા (૧૮) વગ (૨૦) વાકેફ (૨૨) તડીપાર (૨૪) લીસોટો

**ઊભી ચાવી :-** (૧) સલાહ (૨) લાગવગ (૩) તીર (૪) સતત (૫) નવી (૬) દરવાજો(૯) મજા (૧૧) નવાણ (૧૪) કુંતા (૧૫) નવતર (૧૬) પકે (૧૭) ડફલી (૧૯) ગડી (૨૦) વારતા (૨૧) વંટોળ (૨૩) પાપા (૨૫) સોફા

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

જાહેરાત માટેનું

અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# સૌરાષ્ટ્રના ગામડા- શહેરને મળતા પાણીમાં વધારો થયો

## છેવાડાના ગામોમાં નર્મદાનુ પાણી પહોંચ્યુ : ૧૩૦૦ ગામો અને ૨૩ શહેરોને અપાતા પાણી પુરવઠામાં હવે પાંચ કરોડ લીટરનો વધારાનો જથ્થો મળતો થયો છ

અમદાવાદ, તા.૨૮

સૌરાષ્ટ્રના ૧૩૦૦ ગામો અને ૨૩ શહેરોને અપાતા પાણી પુરવઠામાં પાંચ કરોડ લીટરનો વધારાનો જથ્થો મળતો થયો છે. સૌરાષ્ટ્રના છેવાડાના ગામોમાં નર્મદાનુ પાણી પહોંચાડવામાં પાણી પુરવટા બોર્ડને આખરે સફળતા હાથ લાગી છે. સૌરાસ્ટ્રના વિસ્તારમાં ખાસ કરીને ભાવનગર, અમરેલી, રાજકોટ, અને જુનાગઢ જિલ્લા માટે આશિર્વાદ રુપ નાવડા ખાતે નવા પમ્પીંગ સ્ટેશનનું કામ પુરુ થતાંતા- ૨૫-૫-૧૩ થી આ વિસ્તારમાં ૧૩૦૦ ગામો અને ૨૩ શહેરોને અપાતા પાણીના જથ્થામાં ૫ તરોડ લીટરનો વધારો કરવામાં આવ્યો હોવાનું નર્મદા પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અધિક સચિવ શ્રી રવિ સોલંકીએ જણાવ્યું છે. રવિ સોલંકીએ જણાવ્યા મુજબ નાવડાથી બોટાદ ૧૬૫૦ મી.મી. વ્યાસની સમાંતર પાઈપ લાઈનના કામો પુરા થતા જ વલ્લભીપુર શાખા નહેરમાં પંપો ઉતારી ૧૦ કરોડ લીટર પાણી તો પહેલા જ શરુ કરી દેવામાં આવેલ . હવે નાવડા ખાતે ના પંમ્પીંગ સ્ટેશનનું કામ પૂર્ણ થયેલ હોઈ. નાવડાથી બોટાદ (એસ.પી.પી-૩-એ) સમાંતર પાઈપ લાઈન દ્વારા બોટાદ, ગઢડા, ચાવંડથી આગળ ભાવનગર, અમરેલી, જુનાગઢ અને રાજકોટ જિલ્લા ઓના ૧૩૦૦ ગામો અને ૨૩ શહેરો જોયાડેલા છે. નાવડાથી બાટોડ તરફ અપાત કુલ ૩૦ કરોડ લીટરના પાણીના જથ્થામાં લગભગ પાંચ કરોડ લીટર પાણીનો જથ્થો વધુ થયેલ છે. જેને કારણે અમરેલી શહેર, જુનાગઢ શહેર, બગસરા ગ્રુપ, ભેંસાણ અને જુનાગઢ જીલ્લાના ગ્રીડના છેવાડાના ગામો માટે વધારાનો પાણી પુરવઠો ઉપલબ્ધ થયેલો છે. નાવડા બોટાદ યોજના માટે નાવડા ખાતે પમ્પીંગ સ્ટેશન તથા પમ્પીંગ મશીનરીના કામોનો એનએસસી ૨૮ યોજનામાં સમાવેશ કરી નાવડાથી બુધેલ સુધી ૧૬૦૦ મીમી મશીનરીના કામો રુ,૪૧૨.૦૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.હાલમાં નાવડા બોટાદના પમ્પીંગ મશીનરી અને પંપ હાઉલના કામો પૂર્ણ થયા છે. કુલ ૬ પમ્પીંગ મશીનરી મારફતે ૨૫૦ એમએલડી (૨૫ કરોડ લીટર દૈનીક) વિતરણ શરુ થઈ ગયેલ છે.

# વિધાનસભા ખાતે સાવરકરના તૈલચિત્ર સમક્ષ મુખ્યમંત્રીની પુષ્પાંજલિ

મુખ્ય મત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ક્રાતિવીર વિનાયક દામોદર સાવરકરની ૧૩૧મી જન્મજયતિએ તેઓશ્રીના ગુજરાત વિધાનસભાના પોડિયમમાં મૂકાયેલાં તૈલચિત્ર સમક્ષ પુષ્પાજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળા અને ગુજરાત વિધાનસભા સચિવાલયના સચિવ શ્રી ડી. એમ પટેલે પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ભગુર ગામમાં તા. ૨૮મી મે, ૧૮૮૩માં જન્મેલાં વીર સાવરકર સ્વાધિનતા માટેની લડાઈમાં અમરકહાની રૂપ બની ગયા. તેઓ કાયદાના અભ્યાસ અર્થે ઈગ્લેંડ ગયા. ત્યાં ફ્રી ઈન્ડિયા સોસાયટી સ્થાપી આઝાદી માટે ક્રાતિકારી ચળવળ શરૂ કરી.

# મોન્ટેક્ષ ગ્રુપ દ્વારા સૌપ્રથમ ભારતભરમાં ‘મોન્ટેક્ષ એક્યુ મસાજર મસાજવાળા પેન’ની રજૂઆત





ભારતની અગ્રણી પેન બનાવતી મોન્ટેક્ષ ગ્રુપે ભારતભરમાં સૌપ્રથમ વાર ‘મોન્ટેક્ષ એક્યુ મસાજર મસાજવાળા પેન’ની રજૂઆત અમદાવાદ ખાટે મોન્ટેક્ષ ગ્રુપનાં ચેરમેન રમણલાલ જૈન દ્વારા કરવામાં આવી હતી. આ પેનની રજૂઆત પ્રસંગે મોન્ટેક્ષ ગ્રુપના ડાયરેકટર હિતેષભાઈ જેન અને ગુજરાતના સીએન્ડએફ યાસીનભાઈ શેખ ઉપસ્થિત રહ્યા હતા.

મોન્ટેક્ષ ગ્રુપનાં ચેરમેન શ્રી રમણલાલ જૈને મોન્ટેક્ષ એક્યુ મસાજર મસાજવાળા પેનની રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આ પેનની બનાવટમાં વિશેષ ધ્યાન એ રાખવાનું આવ્યું છે કે તેની ગ્રીપ એક્યુ મસાજર ગ્રીપ બનાવવામાં આવી છે. સાથોસાથ પેનની પાછળના ભાગે મસાજર રોલર અને એક્યુપ્રેસર પોઈન્ટ આપવામાં આવ્યો છે. જેનાથી કોઈ પણ વ્યક્તિ આસાનીથી એક્યુપ્રેશરના પોઈન્ટની સારવાર લઈ શકશે, તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ‘મસાજવાલા પેન બ્લડ સરકયુલેશન, માનસિક એકાગ્રતા, આંખોનો થાક, અપચો, પેટ સંબંધિત રોગો અને ધ્રુમપાન છોડાવવા માટે ઉપયોગી છે.’

મોન્ટેક્ષ ગ્રુપ દ્વારા મોન્ટેક્ષ એક્યુ મસાજર (મસાજવાલા) પેન ગોલ્ડન, સિલ્વર અને બ્લ્યુ એમ ત્રણ રંગોમાં તૈયાર કરવામાં આવી છે. સામાન્ય માણસને પોસાય તેવી કિંમત રૂા. ૭૦ માં આ પેન ભારતભરમાં ઉપલબ્ધ છે. એક્યુપ્રેસર પ્રોફેસર ડૉ. સોનાએ કવાક દ્વારા આ પેનની ડિઝાઈનને પ્રમાણિત કરવામાં આવી છે.

## તર્ક-વિતર્કો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને સક્ષમ નેતાઓને ભાજપમાં લાવવા માટે આ નેતાઓના સંપર્કો વધારવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે દિનશા પટેલે મુખ્યમંત્રીની જે શુભેચ્છા મુલાકાત લીધી છે તેને રાજકીય મુલાકાત હોવાની વાત જોરશોરથી વહેતી થવા પામી છે.

કેન્દ્રિયમંત્રી દિનશા પટેલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાતના સમાચાર વહેતા થતાં જ ગુજરાત કોંગ્રેસના નેતાઓ પણ આશ્ચર્યમાં પડી ગયા હતા. અને ચોંકી ઉઠ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં શક્તિશાળી પટેલ આગેવાન તરીકેની ઓળખ ઉભી કરનાર કોંગ્રેસના પૂર્વ સાંસદ વિઠ્ઠલ રાદડીયાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાઈ ગયા છે અને હાલમાં ભાજપમાંથી પોરબંદર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે રાદડીયાના પુત્ર જયેશ રાદડીયા પણ ભાજપમાંથી જેતપુર વિધાનસભાની પેટા ચૂંટણી લડી રહ્યા છે.

## બજાર ભાવ નિયત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દ્વારા રાજયના અન્ય જિલ્લાઓમાં તેમજ ગાંધીનગર શહેર (નોટીફાઈડ એરિયા) સિવાયના અન્ય વિસ્તારો માટે જે રીતે જંત્રી ધ્યાને લીધા બાદ રાજ્ય/જિલ્લા મુલ્યાંકન સમિતિ દ્વારા જમીનની કિંમત નક્કી કરવામાં આવે છે. તે પદ્ધતિને અનુસરીને મહેસુલ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની જમીનનું મુલ્યાંકન કરવાની કામગીરીમાં એકસૂત્રતા જળવાય તેમજ વહીવટી તથા નાણાંકિય સરળતા રહે તે હેતુથી આ કામગીરી કલેકટરશ્રી, ગાંધીનગરે મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી, ગાંધીનગર (સી.એ.ટી.પી.)ના પરામર્શમાં હાથ ધરવાની રહેશે તેવું નક્કી થયેલ છે. જેને સરકારશ્રીએ અનુમોદન આપેલ છે. આ હકીકતે તા. ૧-૪-૨૦૧૩ પછી ગાંધીનગર શહેરની જમીનની બજાર કિંમત નક્કી કરવાની કાર્યવાહી મહેસુલ વિભાગના વખતોવખતનાં ઠરાવ અને તેને સંબંધિત સ્થાયી સૂચનાઓ તેમજ નક્કી થયેલ કાર્યરીતિ પ્રમાણે કલેકટરશ્રી, ગાંધીનગરે હાથ ધરવાની રહેશે.

સૌથી ઓછા દર સે. ૨૬માં રહેણાંકના પ્લોટના રૂ. ૮૧૦૦ નિયત કરાયા છે. સે. ૧૩માં રૂ. ૯૭૦૦, સે. ૧૪માં રૂ. ૮૯૦૦, સે. ૨૭માં રૂ. ૯૫૦૦ નિયત કરાયા છે.

સે. ૨૧, સે. ૨૨ અને સે. ૨૩માં રહેણાંકના ભાવ ૧૮,૪૦૦ નિયત કરાયા છે પણ વાણિજ્ય વિસ્તારના ભાવ-૪૦ હજાર નિયત કરાયા છે. સે. ૧૫ના ઈન્સ્ટીટ્યુટ ઝોનના ભાવ રૂ. ૨૧,૨૦૦ નિયત કરવામાં આવ્યા છે.

શહેરની ૮ દિશાઓના વિસ્તારમાં રૂ. ૧૧,૩૦૦ થી લઈ રૂ. ૩૪ હજાર સુધીના ભાવ નિયત કરાયા છે.